વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ યોજના માટે થનાર ખર્ચ અંગે વહીવટી મંજુરી બાબત

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બજટ/૧૦-૨૦૧૮/૫૫૪/ક-૧
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા૩૦/૩/૨૦૧૯

ઠરાવઃ-

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ નો અમલ રાજયમાં તા.૧/૪/૨૦૧૬ થી થતાં આ કાયદા હેઠળ આવરી લેવાયેલ રાજયના કુલ ૩૮૨ લાખ લાભાર્થીઓને કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ પુરું પાડવાની જવાબદારી રાજય સરકારની છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ યોજનાનો અમલ રાજયમાં તા.૧/૪/૨૦૧૬ થી શરૂ થયા બાદ ભારત સરકારના નોર્મ્સ મુજબ ૫૦% હિસ્સા મુજબ કેન્દ્ર સરકાર રૂ.૧૮૦.૮૩ કરોડની રકમ રાજય સરકારને ચુકવશે. તે સિવાયની રૂ.૩૬૭.૮૧ કરોડની રકમ રાજય સરકારે ભોગવવાની થાય છે. કેન્દ્ર સરકાર તરફથી સહાયતાની રકમ રાજય સરકાર દ્વારા નિયત પધ્ધતિ જેવી કે UTC વિગેરે રજુ કર્યા બાદ રાજય સરકારને મળશે તે ધ્યાને લેતાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં રૂ.૫૪૮૬૫.૦૦ લાખ (અંકે રૂપિયા ચોપન આઠસો પાંસઠ લાખ પુરા) ની ગ્રાન્ટનો ખર્ચ કરવા નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરને આથી નીચેની શરતોએ વહીવટી મંજુરી આપવામાં આવે છે. નિયામકશ્રી, અ.ના.પુ. એ આ ગ્રાન્ટ ફાળવણીની જાણ અત્રે કરવાની રહેશે.

૧. આ યોજનાનો ખર્ચ તા. ૧/૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.
૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
૩. પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૬ પ્રસ્તુત કામે, ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અને તા.૮/૭/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૫-ચ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય, તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે. રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૯. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૧. કેન્દ્ર પુરસ્કૃત યોજના સંબંધમાં કેન્દ્ર સરકારની ગાઇડલાઇન્સ/સુચનાઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જોવાનું રહેશે.

૧૨. આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| ક્રમ | યોજનાની અને સદરની વિગત | મુખ્ય સદર/પેટા સદર | રાજય ફાળો (રૂ. લાખમાં) | કેન્દ્ર ફાળો (રૂ. લાખમાં) | વર્ષ ૨૦૧૯-૨૦ માં મંજુર કરેલ જોગવાઇ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| અન્ન સલામતી યોજના :- | | | | | |
| ૧ | માંગણી નં.૨૨ (Normal) | ૩૪૫૬-૦૦-૧૯૦-૧૧ | ૨૭૨૧૮.૦૪ | ૧૩૩૮૨.૦૬ | ૪૦૬૦૦.૧૦ |
| ૨ | માંગણી નં.૯૫ (SCSP) | ૩૪૫૬-૦૦-૧૯૦-૦૩ | ૨૯૪૨.૪૯ | ૧૪૪૬.૭૧ | ૪૩૮૯.૨૦ |
| ૩ | માંગણી નં.૯૬ (TASP) | ૩૪૫૬-૦૦-૭૯૬-૦૭ | ૬૬૨૦.૬૦ | ૩૨૫૫.૧૦ | ૯૮૭૫.૭૦ |
| | વર્ષ ૨૦૧૮-૧૯ માટે કુલ જોગવાઇ રૂ. | | ૩૬૭૮૧.૧૩ | ૧૮૦૮૩.૮૭ | ૫૪૮૬૫.૦૦ |

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૦/૩/૨૦૧૯ ની અનુમતિ અન્વયે આ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( આર.કે.પટેલ )
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નિયામકશ્રી,
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
સચિવાલય, ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.
(૨) નાણાં વિભાગ ક-શાખા સચિવાલય,ગાંધીનગર
(૩) નાણાંકીય સલાહકારશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, બ્લોક નં.૫, ત્રીજો માળ, સચિવાલય, ગાંધીનગર
(૪) એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ) ગુજરાત રાજય,રાજકોટ
(૫) એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજય,રાજકોટ
(૬) એકાઉન્ટન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજય,રાજકોટ
(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
(૮) તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
(૯) મુકામી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/રાજકોટ
(૧૦) ઉપસચિવશ્રી,બજેટ શાખા અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ,ગાંધીનગર
(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ.ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૧૨) સિલેકટ ફાઈલ